Saarth
E-Journal of Research
ISSN NO: 2395-339X

# સાંપ્રત સમયમાં શ્રીમદ્ ભગવદ ગીતા નો કર્મયોગ

*કલ્પનાકુમારી વનમાળીભાઇ પરમાર

શ્રીમદ્ ભગવદ ગીતા એ એક ધર્મગ્રન્થ છે એવી સમજણ પાકી પરંતુ તે સમજણ ધર્મમાં આસ્તિકતા ટકાવી રાખવા પૂરતી છે પણ તે એક માનવગ્રન્થ છે એમ કહીએ તો કશું ખોટું નથી ગીતાજી જ જેમનું જીવન છે, વિચાર છે, કર્મયોગ છે, સ્વાધ્યાય છે એવું પ. પૂ. પાંડુરંગ શાસ્ત્રીજીએ ગીતાજીને માનવગ્રંથ કહ્યો છે આ વિચાર ઘણો ઉચ્ચ કોટિનો છે અને ઉત્કૃષ્ટ છે કારણકે તે વિચારમાંજ તેમનો કર્મયોગ છુપાયેલો છે પ. પૂ. પાંડુરંગ શાસ્ત્રીજી નું જીવનજ એક કર્મયોગ છે એમ કહું તો કશું ખોટું નથી તેમનું ધ્યેય તેમના પ્રયોગોમાં જ કર્મયોગની સુવાસ પથરાયેલી છે તેથી તેમણે કરેલા પ્રયોગો એ આજના સમયે દરેક માનવજાતને ડગલેને પગલે ઉપયોગી અને જરૂરી છે એ નિર્વિવાદ છે. આજે પણ શ્રીકૃષ્ણ કેટલાય વર્ષો પછી દરેક માનવના હૃદયમાં હયાત છે, જીવંત છે. તેનું કારણ તેમનું અસ્તિત્વ જગતમાં વ્યાપક છે ભગવાન કૃષ્ણનો કર્મયોગ છે. તેમના જીવનને ઉત્કૃષ્ટ બનાવી કર્મયોગ સ્થાપ્યો છે જેથી કર્મયોગની આવશયક્તા દરેક માનવ જાતને છે એમ લાગી રહ્યું છે જગતમાં એવા કેટલાય જીવ આવ્યા અને ગયા પણ કોઈએ પોતાનું આધિપત્ય માનવમનમાં નથી સ્થાપ્યું ફક્તને ફક્ત શ્રીકૃષ્ણ અને શ્રીરામ જ આજે જગતમાં સર્વવ્યાપક છે તેથી ભારતીય સંસ્કૃતિ ઉત્તમ છે મહાન છે.

શ્રીમદ્ ભગવદ ગીતા વિશે ઘણું લખાયું છે વંચાયું અને સંશોધાયેલું છે પણ દરેક વ્યક્તિના વિચારોમાં ફરક હોય છે અને એ ભિન્નતામાં તેની કર્મયોગ્યતા અને કર્મકુશળતા છુપાયેલી હોય છે પછી તે વ્યક્તિ [લેખક] પોતાના વિચારોમા કે શબ્દોમાં મા ગીતાને કે તેના ભગવાન શ્રીકૃષ્ણને વધારેમાં વધારે ઉત્કૃષ્ઠ બનાવવા જીવોને [વાચકોને] કંઈક નવું જાણવાનું મળે તો લેખક અને વાચકનો કર્મયોગ ફળીભૂત થયો ગણાશે હાલના તબક્કે ગીતાજીનો આધાર માનવી જીવનને ખુબ જરૂર છે સમાજમાં કર્મસ્થિરતા રહી નથી માનવી હવે એવું વિચારે છે કે "હું છું તો બધું છે" આ વિચાર ચાર્વાકનો છે તેથી સમાજના દરેક વર્ગ પર ચાર્વકના વિચારો હાવી થયા છે ત્યારે ગીતાના વિચારો પ્રભાવી હશે તો જ આ વિચારો સામે ટકીશું તેના માટે કૃષ્ણની ભક્તિ અને તેમના વિચારોની જરૂર છે ગીતા એ ધર્મગ્રન્થ નથી પણ માનવગ્રન્થ છે એમ યોગ્ય રીતે કહી શકાય 18 અધ્યાય અને 700 શ્લોકોમાં કર્મયોગની સુગંધ છે પણ તે પુસ્તક પૂરતી સીમિત નથી તે દરેક વ્યક્તિ [જીવ] માટે છે શ્રીમદ્ ભગવદ ગીતા વિશ્વમાં સૌથી વધારે પ્રસિદ્ધ અને લોકપ્રિય પુસ્તક છે એમ પણ ક્શું ખોટું નથી ગીતાજીની વાણી તેના શબ્દો ખુદ

Saarth
E-Journal of Research
ISSN NO: 2395-339X

ભગવાન શ્રીકૃષ્ણે કુરુક્ષેત્રની ધરતી પર ગાયેલા છે જે માનવીને કલ્યાણને માર્ગે લઈ જાય છે એ એક ડ્રેમોસ્ટ્રેશન શ્રીકૃષ્ણે ફક્તને ફક્ત માનવજાતને કેન્દ્રમાં રાખીને કર્યું છે કર્મ યોગ કેવો તો ભગવાને કહ્યું છે.

कर्मण्येवाधिकारस्ते मा फ़्लेशु कदाचन |
मा कर्मकर्मफ़ल्हेतुभुर्मा ते संगोस्त्कमणि ||
योगस्थ्: कुरु कर्माणि सङ्ग त्यक्त्वा धनजय् |
सिध्धय सिध्ध्योः समो भूत्वा समत्वं योग उच्यते ||
बुद्दियुक्तो जहातिह् उभे सुकृतदुष्कृते |
तस्माधोगाय यूज्यस्व योगः कर्मसु कोशलम ||

[તારો કર્મ કરવામાં જ અધિકાર છે, ફળમાં કદી પણ નહીં, માટે તું કર્મોમાં ફળની ઇચ્છાવાળો ન થા તેમ કર્મ ન કરવામાં પણ તારી પ્રીતિ ન થાઓ. હે, ધનંજય! આસક્તિને છોડી સિદ્ધિ અને અસિદ્ધિમાં સમભાવ થઈ યોગમાં સ્થિર રહી પ્રભુ પરાયણ થઈ કર્મો કર આવો સમભાવ જ યોગ કહેવાય છે, આ કર્મયોગમાં સમદ્રષ્ટિવાળો પુરુષ પુણ્ય પાપ બંનેને ત્યજીને જન્મરૂપ બંધનથી છુટા થઈ વીકારરહિત પરમધામને પામે છે]. મનુષ્યનો અધિકાર કર્મ કરવામાં છે ફળ તેના અધિકાર ક્ષેત્રથી સંપૂર્ણ બહાર છે આથી કર્મફળથી પ્રેરિત થઈને કર્મ કરવું ઉચિત નથી અધિકાર શબ્દનો અર્થ સંસ્કૃતમાં કર્તવ્ય, કાર્ય છે હક નથી અધિકાર શબ્દ અને કર્તવ્યશબ્દની સમજણ અહીં સંપૂર્ણ રીતે સમજણ પૂર્વકરીતે કરી છે જે બે શબ્દોની હયાતી અને સમજણ આજના સમાજના દરેક વર્ગને જરૂરી છે. પરંતુ સમજણફેર થવાથી અર્થભેદ થયેલા જોવા મળે છે તેથી અધિકાર સર્વોપરી થયો છે જયારે કર્તવ્ય સીમિત થયો હોય છે આથી માનવનું કર્તવ્ય કર્મ કરવું છે ફળદ્રષ્ટિ તેનું કર્તવ્ય ક્ષેત્ર નથી માનવે કર્મ કર્તવ્ય બુદ્ધિથી કરવું જોઈએ ફળની આશાએ નહીં એનો મતલબ એ થાય છે કે ફળસિધ્ધિ અનુસાર કર્મનું મહત્વ સમજવું જોઈએ નહીં, ફળબુદ્ધિની પેનથી કરાયેલું કર્મ હંમેશા દોષપૂર્ણ હોય છે તેના વિપરીત પરિણામો ઉભા થાય છે જેનાથી અવસરવાદીતા, અનૈતિકતા ભ્રષ્ટાચાર, સ્વાર્થ, વિશ્વાસઘાત વગેરે અનૈતિક વાતો ઉત્પન્ન થાય છે જેનાથી સમાજમાં અવ્યવસ્થા ઉભી થાય છે આથી કર્મયોગમાં ફલાસક્તિ છોડી ફળથી પ્રેરિત ન થવાનો ઉપદેશ આપવામાં આવ્યો છે ફળની આશા વગર નિષ્કામવૃતિથી કર્મો કરવા એજ કર્મયોગની સાચી સાધના છે આ રીતે કર્મયોગ અહીં કર્મયોગનો રસ્તો બતાવ્યો છે. ફળની આશા વગર કેમ કર્મયોગ જીવમાં સ્થિર થાય તે આ શ્લોકમાં દર્શાવ્યું છે.

किं कर्म किमकर्मेति क्वयोप्यत्र मोहिता :|

[કર્મ કયુ અને અકર્મ કયુ એમ બે બાબતમાં બુદ્ધિમાન પુરુષો પણ મુંઝાયા છે] ભગવાન કૃષ્ણે બુદ્ધિમાન માનવને પણ કર્મ અને અકર્મની પરિભાષા બાબતે મુંજવણમાં મુક્યાં છે. ગીતા અનુસાર સકામકર્મ

Saarth
E-Journal of Research
ISSN NO: 2395-339X

તુચ્છ છે તથા ફળની ઈચ્છાવાળા કર્મ અત્યન્ત હીન છે, છતાં પણ કર્મ ન કરવાની અપેક્ષા કર્મ કરવું શ્રેયકર છે. અહીં પણ ફળને કેન્દ્રમાં રાખી કરવામાં આવેલું કર્મ તુચ્છ છે એમ બતાવ્યુ છે. બુદ્ધિશાળી વર્ગ હકારમાં રચ્યો રહી હું જે કરું તેજ શ્રેષ્ઠ છે જેની પાછળ તેનો મૂળભૂત સ્વાર્થનો સ્વભાવ રહ્યો છે જેથી માનવ જીવન તુચ્છ બને એ સ્વભાવિક છે.

कर्म ज्यायो ह्यकर्मन् :||

અકર્મણ્ય વ્યક્તિ સમાજને પાંગળો બનાવી દે છે ને શકર્મણ્ય દશામાં માનવીપર કર્મનો કોઈ પ્રભાવ રહેતો નથી. પ્રાકૃતિક નિયમ મુજબ આપણે પોતાના કર્મના ફળો દ્વારા જ બંધનમાં પડીએ છીએ પ્રત્યેક ક્રિયાની એ સ્વભાવિક પ્રતિક્રિયા છે તથા તે બંધનનું કારણ બની જાય છે. આથી મનુષ્ય કર્મનો પરિત્યાગ કરી શકતો નથી માનવી જીવન જ કર્મ અનુસાર ભોગવવા માનવી જગતમાં આવે છે, ખેર આ વાત શાસ્ત્રીય છે પણ ચોક્કસ છે એમ કહું તો કશું ખોટું નથી પણ વાત હું એ કહેવું માંગુ છું કે જીવન જીવવામાં ખરું કર્મ ભુલાઈ ગયું અને ભોગો ભોગવવામાંજ ખરું કર્મ છે એમ માનવાવાળો સમાજ ઉભો થયો છે જેના અનુસંધાને જ ગીતામાં વાત કરી હોય એમ લાગે છે એટલેજ સ્વાર્થ અને લોભનો ત્યાગ કરવો જોઈએ કર્મ ન કરવાથી કોઈ પણ માનવી કર્મથી મુક્તિ પ્રાપ્ત કરી શકતો નથી અને કર્મના આધારે સિદ્ધિ પણ પ્રાપ્તકરી શકતો નથી. આજના સમાજમાં લોભ, સ્વાર્થ, અસંતોષ વ્યાપક પ્રમાણે માનવી વિચારમાં હાવી થતા તેને એવું જ લાગે છે કે હું જે કર્મ કરું તે શ્રેષ્ઠ છે, પરંતુ તેની અધોગતિ અને જીવનની ક્ષણભંગુરતાની શરૂઆત ત્યાંથી થાય છે અને માનવ-માનવ વચ્ચે સમસ્યાઓ ઉભી થાય છે આ કારણે ફળના પ્રલોભને આ પરિણામો ઉદ્દભવે છે એ સ્વભાવિક છે.

न कर्मणांमनरम्भान्नेश्क्रम्य् पुरुषोस्नुते |
न च संन्यसनादेव सिद्धि समधिगच्छति ||

[માનવી કર્મનો આરંભ ન કરે તો નિષ્કર્મ ભાવને ભોગવતો નથી, તેમ કર્મોના ત્યાગથી જ જ્ઞાનસિદ્ધિને પામતો નથી] જ્યાં સુધી આપણે શરીર ધારણ કરીએ છીએ ત્યાં સુધી આપણે કર્મથી બચી શકતા નથી અગાઉ પણ આજ વાત મેં કરી છે જેનું અહીં પુનરાવર્તન થાય છે, જીવનમાં ચિંતન અને મનન પણ એક ઉત્તમ પ્રકારનું કર્મ જ છે પણ સાચી સમજણ હોય તો! જીવન પણ એક કર્મ છે તથા તે અનેક કર્મનું કારણ પણ બને એમાં બે મત નથી કર્મ થકી જ્ઞાન પ્રાપ્ત કરી તે તરફનું ચિંતન મનન કરીએ તો આપણો ભવ સુધરે, માનવી જીવનનો એક ધ્યેય હોવો જોઈએ જેમાં કર્મ થકી ઈશ્વર પ્રાપ્ત કરવું માનવ જીવનમાં કર્મ શ્રેષ્ઠ છે એ ભોગવવા માનવજીવન તંદુરસ્ત અને બૌદ્ધિક હોવું જોઈએ જે થકી શ્રેષ્ઠત્વ પ્રાપ્ત કરવા યોગ્ય વિચારની જરૂર હોવી જોઈએ. જે કર્મ ની

Saarth
E-Journal of Research
ISSN NO: 2395-339X
મુલવણી કરવાની હોય જેમાં માનવી જીવનમાં નીતિમત્તા, સત્ય, અહિંસા, નિઃસ્વાર્થ, પ્રેમ, ભાવ જેવા ગુનો સર્વોપરી હોય તોજ માનવી જીવન શ્રેષ્ઠ બની શકે તોજ કર્મની સાર્થકતા ખબર પડે.

कर्मणेव हि संसिद्धिमास्थिता जनकाद्यः।
लोकसंग्रह्मेवापि सम्यश्यन्कर्तुमहर्सि ।।

લોકસંગ્રહ નો અર્થ અભિપ્રાય સંસારની એકતા અથવા સમાજની પરસ્પર સંબદ્ધતાની સાથે છે જો સંસારને ભૌતિક કષ્ટ તથા નૈતિક અધઃપતનની દિશામાં પડવું ન હોય, જો સામાન્ય જીવનને સુચારુ રૂપથી ચલાવવું હોય તો સામાજિક કર્મનું નિયત્રંણ ધાર્મિક નીતિથી થવું જોઈએ ધર્મનો ઉદેશ્ય સમાજને આધ્યાત્મિકકરણ કરવાનો છે પૃથ્વી પર ભાતૃભાવની સ્થાપના કરવાનો છે આધુનિક સમયમાં આતંકવાદ, ચોરી, હત્યા, ભ્રષ્ટાચાર, દગાખોરી, વગેરે સમસ્યાઓ વધી રહી છે તે જોતા સમાજમાં ભ્રાંતિ તથા સહિષ્ણુતા ટકાવી રાખવા માટે આધ્યાત્મિકનો પ્રસાર થવો જોઈએ જે આવશ્યક છે જે લોકસંગ્રહને આધારે જ થઈ શકશે. અહીં કર્મ પણ લોકસંગ્રહના અનુસંધાને કરવું જોઈએ જે ઋષિઓએ કર્યું છે, મહાત્માઓએ કર્યું છે, શ્રેષ્ઠ માનવી જે પણ કરે છે તે સામાન્ય માનવી પણ તે અનુસાર કરવા લાગે છે એટલે અનુસરણ પણ શ્રેષ્ઠ હોવું જોઈએ તેથી લોકસંગ્રહ કરવાની વાત અહીં થઇ છે જેમાં નાનામાં નાના માનવીનો ખ્યાલ રાખી શકાય.

तस्मादसक्तः सततं कार्य कर्म समाचर ।
असक्तो ह्याचरर्न्कर्म परमाप्नोति पुरुषः ।।

[તે માટે તું આસક્તિરહિત થઇ નિરંતર કર્તવ્ય કર્મ સારી રીતે કર કેમકે આસક્તિરહિત પુરુષ કર્મ કરતો હોવા છતાં શ્રેષ્ઠ કલ્યાણને પામે છે] મનુષ્ય અનાસક્ત કર્મ કરતા-કરતા સર્વોચ્ચ ભગવાન સુધી પહોંચે છે, જયારે માનવી પોતાનું કાર્ય કરે છે જીવન જીવે છે ચિંતન કરે છે, મજા કરે છે એટલે કે ભોગો ભોગવે છે ત્યારે માનવી પોતાની ઉંમર, તંદુરસ્તી અને અન્ય કોઈ પણ બાહ્ય પરિવેશ વિષે વિચારતા નથી અને અનાશક્તિથી વિચલિત થઈ જઈએ છીએ માનવી જીવનમાં સતસંકલ્પ જેમાં પણ ભગવાનના પ્રયોજનને સ્વેચ્છાપૂર્વક પૂર્ણ કરવા સિવાય કોઈ મહત્વ હોતું નથી સફળતા અને નિષ્ફળતા માનવી પર નિર્ભર નથી ખરેખર માનવીને કર્મ કરવાનો અધિકાર છે તેના ફળ પર અધિકાર નથી.

Saarth
E-Journal of Research
ISSN NO: 2395-339X

कार्यमित्येव यत्कर्म नियतं क्रियतेर्जुन |
सङ्ग् त्यक्त्वा फ़लं चेव स त्यागः सात्विककोगतः ||

[હે અર્જુન! શાસ્ત્રવિધિથી નિર્માણ થયેલું જે કર્મ કરવા યોગ્ય જ છે, એમ માનીને કર્તાપણાને તેમજ ફળને ત્યજીને કરાય છે, તે ત્યાગ સાત્વિક માનેલો છે.] વ્યક્તિત્વ અને તેનું આચરણ તથા વ્યવહારનો વિચાર કરતા એ પ્રશ્ન ઘણીવાર આપણને આંદોલિત કરે છે, કે તેની પ્રકૃતિ પ્રમુખ છે, અથવા તેનો પુરુષાર્થ? માનવી જન્મથી જે સહજ પ્રકૃતિઓને લઈને જીવન વ્યતિત કરે છે, તે પરિવર્તનીય છે કે સ્થાયી માનવી પ્રકૃતિ સત્વ રજ તમોગુણાત્મિકા છે, તેના પર લગભગ બધા દાર્શનિકો સહમત છે. આજ પ્રવૃતિઓમાં ચિત્તની વૃત્તિઓ પણ સામેલ થાય છે એના નિરોધને પતંજલિ યોગ પણ કહે છે માનવી પણ પોતાની પ્રકૃતિ અથવા સ્વભાવને અનુરૂપ જ કાર્ય કરે છે પરંતુ અહંકારથી વિમૂઢ ચિત્તવાળો માનવી પોતાનેજ તેનો કર્તા માને છે.

प्रकृति यान्ति भूतानि निग्रहं किं करिष्यति |

[સર્વ પ્રાણીઓ સ્વભાવને વશ થઇ કર્મો કરે છે તેમાં નિરોધ શું છે.] ગીતા અનુસાર કર્તવ્ય કર્મના આધારે જ ફળની પ્રાપ્તિ થાય છે આ યથાર્થ સત્યને ધારણ કરી સ્વધર્મનું પાલન કરવું જોઈએ કારણકે સ્વધર્મમાં મૃત્યુ પણ શ્રેષ્ઠ મનાય છે.

માનવી કોઈ પણ જાતિ ,ધર્મ,વર્ણ અથવા સંપ્રદાયનો હોય છે. બધાંયને પરમાત્માની ભક્તિ તેમજ તેની પ્રાપ્તિમાં પૂર્ણ અધિકાર છે પ્રત્યેક માનવને માટે ગીતાના ઉપદેશોને આત્મસાત કરી પોતાના કર્તવ્ય કર્મ કરતા નિરંતર પ્રગતિના પથ પર અગ્રેસર હોવું જોઈએ. ગીતાના અધ્યયનથી માનવ અનેક ગુણોના વિકાસની સાથે પરમગતિનો માર્ગ પ્રાપ્ત કરે છે. આ ઉપરાંત ગીતાની મહત્તાનું જ્ઞાન વર્તમાન સમયમાં ભારતીય ન્યાયાલય અથવ સુપ્રીમ ન્યાયાલયમાં ગીતાની સોગંધ લઈને અપરાધી પોતાની વાત ન્યાયાધીશની સમક્ષ રજૂ કરે છે. સાપ્રંત સમયમાં આપનો દેશ જે બાહ્ય છે જેવા કે આતંકવાદ, સંપ્રદાયવાદ, જાતિવાદ, રોગચાળો, આર્થિક અપરાધો અને નકસલવાદ વગેરે ઘણી સમસ્યાઓથી પીડાય છે. આ પરિસ્થિતિની સામે આજના માનવી ને જો કોઈ વિચારની જરૂર હોય તો ગીતાના વિચારોની અને ગીતાના અભ્યાસની અતિ આવશ્યક છે. આપણા દેશમાં અર્જુન જેવા રાષ્ટ્રરક્ષક અને કૃષ્ણ જેવા ગુરુની જરૂર છે તેથી ગીતાના કર્મયોગની આજના સમયે ખુબ આવશ્યક છે.

Saarth
E-Journal of Research
ISSN NO: 2395-339X

સંદર્ભ સૂચિ

➢ શ્રીમદ ભગવદ ગીતમાં જીવન દર્શન

૧) શ્રીમદ ભગવદ ગીતા, ગીતા પ્રેસ, ગોરખપુર. ૪૮મી આવ્રુતિ.

२) गीतामृतम, निर्मल निकेतन, मुंबई. २९वी आवृति. अप्रैल २००४.

३) तुलसीदल, निर्मल निकेतन, मुंबई. १३वी आवृति. सप्टेंबर २००१.